# भारत के पुस्तकालय विज्ञान के जनक की 50वीं पुण्यतिथि पर उनके जीवन के प्रमुख तथ्यों के बारे में आपको अवगत कराते हैं

*मंदसौर (आर्ट इंडिया न्यूज)। पुस्तकालय और सूचना विज्ञान के महान द्रष्टा - पद्मश्री शियाली रामामृत रंगनाथन (12 अगस्त 1892 - 27 सितंबर 1972) को श्रद्धांजलि, जो भारत में पुस्तकालय आंदोलन के प्रमुख है और क्षेत्र में अपने अपार अद्वितीय योगदान के लिए लोकप्रिय रूप से भारतीय पुस्तकालय विज्ञान के पिता के रूप में जाने जाते हैं।*

भारत उनके सम्मान में 12 अगस्त को पुस्तकालय दिवस के रूप में मनाता है। इस क्षेत्र में उनका सबसे उल्लेखनीय योगदान पुस्तकालय विज्ञान के उनके पांच नियम हैं। उनके कोलन क्लासिफिकेशन (1933) ने एक ऐसी प्रणाली की शुरुआत की जो दुनिया भर के अनुसंधान पुस्तकालयों में व्यापक रूप से उपयोग की जाती है। 1924 में उन्हें मद्रास विश्वविद्यालय का पहला पुस्तकालयाध्यक्ष नियुक्त किया गया, और इस पद के लिए खुद को फिट करने के लिए उन्होंने यूनिवर्सिटी कॉलेज, लंदन में




अध्ययन करने के लिए इंग्लैंड की यात्रा की। 1957 में उन्हें इंटरनेशनल फेडरेशन फॉर इंफॉर्मेशन एंड डॉक्यूमेंटेशन का मानद सदस्य चुना गया और उन्हें ग्रेट ब्रिटेन के लाइब्रेरी एसोसिएशन के जीवन के लिए उपाध्यक्ष बनाया गया। 1962 में, उन्होंने बंगलौर में प्रलेखन अनुसंधान और प्रशिक्षण केंद्र की स्थापना की और प्रमुख बने उन्होंने एक राष्ट्रीय और कई राज्य पुस्तकालय प्रणालियों के लिए योजनाओं का मसौदा तैयार किया। लाइब्रेरियन के रूप में अपने व्यवसाय से पहले, वह भौतिकी और गणित के शिक्षक थे। वर्ष 1965 में, भारत सरकार ने उन्हें पुस्तकालय विज्ञान में राष्ट्रीय शोध प्रोफेसर की उपाधि से सम्मानित किया। भारत सरकार ने उन्हें 1957 में देश के चौथे सर्वोच्च नागरिक सम्मान पद्म श्री से सम्मानित किया। एक गणितज्ञ और लाइब्रेरियन सर्वोत्कृष्ट, शियाली रामामृत रंगनाथन (एस.आर. रंगनाथन) का आज ही के दिन, 27 सितंबर, 1972 को निधन हुआ था।



लेखक : पंकज सोनी
प्रदेश महासचिव, लाइब्रेरी प्रोफेशनल एसोसिएशन, मध्यप्रदेश

મોકલનાર :
પંકજકુમાર એમ. બાવિશી (પ્રમુખ)
ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫-મનીષ સોસાયટી,
સુંદરનગર પાસે, અંકુર રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
મો. : ૬૩૫૧૪૦૫૭૨૭

બુક-પોસ્ટ - પ્રિન્ટેડ મેટર



॥ संघात् सखायते सन्धि॥

ISSN : 0970 - 5244

RAJA RAMMOHUN ROY LIBRARY FOUNDATION

# ગ્રંથાલોક

MINISTRY OF CULTURE · GOVERNMENT OF INDIA · संस्कृति मंत्रालय · भारत सरकार

તંત્રી : શ્રી પંકજભાઈ એમ. બાવિશી

વર્ષ : ૪૬ અંક - ૩ | ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનું ત્રિમાસિક સંપર્ક પત્ર | જુલાઈ થી સપ્ટેમ્બર - ૨૦૨૪

## લાઇબ્રેરી સાયન્સના પ્રણેતા : એસ.આર. રંગનાથન (1892-1972)

કોઈ પણ પુસ્તકાલય, શાળા, કોલેજ, અખબારો અને સંશોધન કે ઉદ્યોગગૃહમાં જાતજાતનાં ગ્રંથ, સંશોધન ગ્રંથ વગેરેના વિપુલ સાહિત્યનો ભંડાર હોય છે. ભારતમાં એ તમામ સાહિત્યની વૈજ્ઞાનિક ઢબે જાળવણીની વિચારસરણી અનુસાર શરૂઆત કરનાર સિયાલી રામામૃત રંગનાથનનો જન્મ 9-8-1892ના દિવસે થયો હતો. ગ્રંથાલય ક્ષેત્રે સૌથી નોંધપાત્ર પ્રદાન પુસ્તકાલય વિજ્ઞાનનાં 5 નિયમોની સૂચિ, કોલોની વર્ગીકરણનો વિકાસ, ભારતમાં પુસ્તકાલયોનો વિકાસ, દસ્તાવેજી કરણ, હસ્તપ્રતોની સાચવણી અને માહિતી વિજ્ઞાનની શરૂઆત તેમનાથી થઈ હોવાથી તેમનાં જન્મ દિવસને દર વર્ષે ભારતમાં રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસ તરીકે મનાવાય છે. પદ્મશ્રી એવોર્ડ વિજેતા તેઓ ગણિતશાસ્ત્રી, લેખક, અધ્યાપક અને દેશના સર્વોચ્ચ ગ્રંથપાલ હતા. તેઓએ ગણિતશાસ્ત્રી રામાનુજને દર્શાવેલા 5 કોડ, શબ્દોકોશ સૂચિ કોડ માટેના વધારાના નિયમો સાથે ગ્રંથાલય વહીવટ, ભારતીય ગ્રંથાલય મેનિફેસ્ટો, પુસ્તકાલય મેન્યુઅલ લાઈબ્રેરી, ગ્રંથાલયના કર્મચારી માટે આચારસંહિતા અને પૂર્વ - પશ્ચિમની પુસ્તકાલય અંગેની કાર્ય પદ્ધતિનો તુલનાત્મક અભ્યાસ કર્યો હતો અને એના તારણો સરકારે સ્વીકારી લાઈબ્રેરી સાયન્સને આધુનિક બનાવ્યું હતું. તેઓનું 27-9-1972ના દિવસે અવસાન થયું હતું.



એસ.આર. રંગનાથન

ફોન : પંકજભાઈ એમ. બાવિશી (પ્રમુખ) : ૬૩૫૧૪૦૫૭૨૭
નવલસિંહભાઈ કે. વાઘેલા : ૯૮૨૫૮૩૬૧૩૬ કિરીટભાઈ બી. ગંધકવાલા (મંત્રી) : ૯૮૭૯૯ ૫૩૯૬૬
હિમાંશુભાઈ પાંધી (ખજાનચી)મો. ૯૪૨૭૨૦૭૫૬૫

ખૂબજ અગત્યનું ☞ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘની નવી વેબ સાઈડ અને ઈ.મેલ
☞ Websie : www.gujaratgranthalayasevasangh.in
☞ Email : gujaratgranthalayasevasangh@gmail.com
વધુ માહિતી માટે ☞ હિમાંશુભાઈ પાંધીનો સંપર્ક કરવો મો. ૯૪૨૭૨૦૭૫૬૫

પ્રકાશક : પ્રમુખ, પંકજભાઈ બાવિશી, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫ - મનીષ સોસાયટી, સુંદરનગર પાસે, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩. (ગુજરાત)
(મોબાઈલ - ૬૩૫૧૪૦૫૭૨૭)

## ઝઘડીયા સરકારી કોલેજમાં યોજાયેલ એક દિવસય સેમિનાર સમયની તસ્વીરો















## ઝઘડીયા સરકારી કોલેજમાં યોજાયેલ એક દિવસય સેમિનાર સમયની તસ્વીરો













# સરકારી વિનયન કોલેજ. ઝઘડીયા (રાણીપુરા),જી.- ભરૂચ
# One Day National Seminar on"AI &LRC"

**વર્ષ : ૨૦૨૪-૨૫** ✍ **અનલતા પ્રજાપતિ**

સરકારી વિનયન કોલેજ, ઝઘડીયા (રાણીપુરા), જી.ભરૂચ મુકામે ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ (GGSS) અમદાવાદના સહયોગથી ગ્રંથાલય વિભાગ તેમજ State Quality Assurance Cell (SQAC)ના ઉપક્રમે તારીખ ૨૯/૦૯/૨૦૨૪, રવિવારના રોજ આચાર્યશ્રી ડો. જયેશ જી. પૂજારા સાહેબના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય કક્ષાનો "AI & LRC" વિષય ઉપર એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદનો હેતુ આજના ગ્રંથાલયો અદ્યતન ટેકનોલોજીની સાથે ગ્રંથાલયના ઉપભોક્તાઓને ત્વરિક સેવાઓ પૂરી પાડી શકે તે હતો. સમગ્ર રાજ્યમાંથી ૬૨ સહભાગી રજીસ્ટ્રેશન થયા હતા અને ઝઘડીયા મુકામે ઉપસ્થિત રહી સંશોધન પત્ર રજૂ કરવા પ્રયાસ કર્યો હતો.

આ સેમિનારના ઉદ્દઘાટન સમારોહમાં ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખ શ્રી નવલસિંહ વાઘેલા, મંત્રીશ્રી કિરીટભાઈ ગંધકવાલા, વિષયના નિષ્ણાંત તરીકે ડૉ. મયંક ત્રિવેદી સાહેબ, SQAC સંયોજક ડૉ. વિશાલકુમાર પરમાર તેમજ અધ્યક્ષ સ્થાને અત્રેની કોલેજના આચાર્યશ્રી ડો. જયેશ જી. પૂજારા સાહેબ, સેમિનારના સંયોજક અનલતા પ્રજાપતિ અને સહભાગી ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના પ્રમુખશ્રી પંકજભાઈ બાવિશી અનિવાર્ય કારણસર ઉપસ્થિત રહી શક્યા ન હતા. તેમણે આ પરિસંવાદ માટે શુભેચ્છાઓ પાઠવી છે.

ઉદ્દઘાટન સમારોહની શરૂઆત સેમિનારના સંયોજક અનલતા પ્રજાપતિએ મહેમાનોના શાબ્દિક સ્વાગત અને યુનિવર્સિટી ગાનથી કરી હતી. ત્યારબાદ સેમિનારના સંયોજક અનલતા પ્રજાપતિએ મંચસ્થ મહાનુભવોનું સ્વાગત ખાદી અને પુષ્પથી કર્યું હતું તેમજ SQAC સંયોજક ડૉ. વિશાલકુમાર પરમારે મંચસ્થ મહાનુભવોનો પરિચય કરાવ્યો હતો. ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખ શ્રી નવલસિંહ વાઘેલા અને કોલેજના આચાર્યશ્રીએ વિષયને અનુરૂપ પોતાનું પ્રસંગોચિત ઉદબોધન આપ્યું હતું તેમજ સેમિનારના સંયોજક અનલતા પ્રજાપતિએ સેમીનાર વિશેની વાત કરી હતી અંતે તેઓ દ્વારા ઉદ્દઘાટન સમારોહની આભારવિધિ કરવામાં આવી હતી.

સેમિનારની પ્રથમ બેઠકમાં સેમિનારના સંયોજક અનલતા પ્રજાપતિએ વિષય નિષ્ણાંત ડૉ. મયંક ત્રિવેદી સાહેબનો વિસ્તૃત પરિચય આપ્યો હતો ત્યારબાદ ડૉ. મયંક ત્રિવેદી સાહેબે Artificial Intelligence & The Transformation of Libraries વિષય ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા. ત્યાર પછી ભોજન વિરામ આપવામાં આવ્યો હતો. ભોજન વિરામ બાદ બીજી બેઠકમાં ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખ શ્રી નવલસિંહ વાઘેલાસાહેબે સેમિનારના વિષય અંતર્ગત માહિતી આપી હતી ત્યારબાદ સમય મર્યાદાને ધ્યામાં લઈ પસંદ કરાયેલા ૦૭ ઉમેદવારો દ્વારા સંશોધન પત્રો રજૂ કરવામાં આવ્યા હતા અને તેમાંથી ઉત્તમ પેપર રજૂઆત કારનારના પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક જાહેર કરવામાં આવ્યા હતા.ત્યારબાદ સમાપન સમારોહમાં અધ્યક્ષશ્રી ડૉ. જયેશ પૂજારા સાહેબશ્રીનું સંબોધન ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખ શ્રી નવલસિંહ વાઘેલાનું સંબોધન તેમજ મંત્રી શ્રી કિરીટભાઈ ગંધકવાલાનું સંબોધન, ઉમેદવારોના પ્રતિભાવ, સમગ્ર કાર્યક્રમની આભરવિધિ, સર્ટિફિકેટ આપી સેમિનારની સમાપન બેઠક પૂર્ણ કરવામાં આવી હતી.

આ સેમિનારમાં અત્રેની કૉલેજના સંસ્કૃત વિષયના પ્રાધ્યાપિકા ડૉ. ભારતીબહેન પટેલ અને સેવક ગણ સહભાગી થઈ સાથ સહકાર પૂરો પાડ્યો હતો.

## આગામી ત્રિદિવસીય ગ્રંથાલય સેમિનારમાં લેખ લખવા માટેના વિષયો

### RE-IMAGING SMART LIBRARIES

### EMERGING TECHNOLOGIES, INNOVATION AND KNOWLEDGE CREATION

### સ્માર્ટ ગ્રંથાલયોની પુનઃકલ્પના
### ઉભરતી ટેકનોલોજી, નવીનતા અને જ્ઞાનનું સર્જન

**1 Innovative Library Services in Academic and Research Libraries**

1.1 Contribution of Libraries to Achive Future Educational Vision
1.2 Role of Libraries in Qualitative Services.
1.3 Emerging Management Models of Academic Libraries.
1.4 Library Services For Next Generation Users.

**૧ શૈક્ષણિક અને સંશોધન ગ્રંથાલયોમાં નવીનતમ / રચનાત્મક સેવાઓ.**

૧.૧ ભાવિ શૈક્ષણિક દષ્ટિકોણને હાંસલ કરવામાં ગ્રંથાલયોનું યોગદાન
૧.૨ ગુણવત્તાયુક્ત સેવાઓમાં ગ્રંથાલયોની ભૂમિકા
૧.૩ શૈક્ષણિક ગ્રંથાલયોના સંવર્ધિત સંચાલકીય મોડેલ્સ (નમૂનાઓ)
૧.૪ નવી પેઢીના ઉપભોક્તાઓ માટે ગ્રંથાલય સેવાઓ

**2 Next Generation Libraries : Exploring Emerging Trends and Technologies**

2.1 New Trends and Technology
2.2 Collaboration and Community
2.3 Future Librarianship
2.4 Library Space and Services

**૨ ગ્રંથાલયોની ભાવિ પેઢી : નવા શોધતા પ્રવાહો અને ટેકનોલોજી**

૨.૧ નવા પ્રવાહો અને ટેકનોલોજી
૨.૨ સહયોગ અને સમુદાય
૨.૩ ભાવિ ગ્રંથાલયિત્વ
૨.૪ ગ્રંથાલય અવકાશ અને સેવાઓ

**3 Public Libraries in Digital Era.**

3.1 Digital Revoluation and Public Libraries.
3.2 Need and Challenges.
3.3 Impact of Digital Resources on Reading Habits
3.4 Preservation and Conservation of Digital Resources
3.5 Manpower Training and User Education.

**૩ ડીજીટલ યુગમાં જાહેર ગ્રંથાલયો**

૩.૧ ડીજીટલ ક્રાંતિ અને જાહેર ગ્રંથાલયો
૩.૨ જરૂરિયાત અને પડકારો
૩.૩ વાંચન ટેવ ઉપર ડીજીટલ સ્ત્રોતોની અસર
૩.૪ ડીજીટલ સ્ત્રોતોનું સંરક્ષણ અને જાળવણી
૩.૫ માનવશક્તિની તાલીમ અને ઉપભોક્તા શિક્ષણ

**4 Recent Scenario of Rural Libraries**

4.1 Role of Librarian
4.2 Present Position and Expactation of Librarian
4.3 Available Information Resources in Libraries
4.4 Expactation of Users

**૪ ગ્રામ્ય ગ્રંથાલયોની વર્તમાન સ્થિતિ**

૪.૧ ગ્રંથપાલની ભૂમિકા
૪.૨ હાલની સ્થિતિ અને ગ્રંથપાલની અપેક્ષા
૪.૩ ગ્રંથાલયોમાં ઉપલબ્ધ માહિતીસ્ત્રોતો
૪.૪ ઉપભોક્તાઓની અપેક્ષાઓ

---

## ડો.સોમૈયા લિખિત "ઈંગ્લિશ એટ એ ગ્લાન્સ" અંગ્રેજી પુસ્તક વિદ્યાર્થીઓ અને યુવાનો માટે અતિ ઉપયોગી છે : વરૂણ સકસેના

આજના સમયમાં કમ સે કમ બીજા વ્યક્તિને સમજાવી શકીએ એટલું અંગ્રેજી આવડવું આવશ્યક છે. જીવનને સ્પર્શતા વિવિધ વિષયો પર ગુજરાતી ભાષામાં અનેક પુસ્તકો લખનારા લેખકો, મોટીવેશનલ સ્પીકર અને આજીવન વિદ્યાર્થી ડૉ. સોમૈયા લિખિત ૨૫૬ પેજમાં વિસ્તરિત "ઈંગ્લિશ એટ એ ગ્લાન્સ" અંગ્રેજી પુસ્તક ખરેખર વિદ્યાર્થીઓ અને યુવાનો માટે અતિ ઉપયોગી છે, આવા વિચારો સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા ઓરલો બ્રાંચ, ગાંધીધામના મેનેજર શ્રી વરૂણ સકસેનાએ પુસ્તક વિમોચન વેળાએ વ્યક્ત કર્યા હતા.

લેખક ડૉ. સોમૈયાએ જણાવ્યું હતું કે, આ પુસ્તક અંગ્રેજી વિષય પર માત્ર વિહંગાવલોકન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મારા વર્ષોના પ્રયાસ પછી એક વિદ્યાર્થી તરીકે આ પુસ્તકને શબ્દદેહ આપવામાં આવ્યો છે. આશા રાખું છું કે સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવા ઈચ્છતા વિદ્યાર્થીઓને પણ આ પુસ્તક ઉપયોગી સાબિત થશે ઈંગ્લિશ લેંગ્વેજ કલબના ડાયરેકટર, ટ્રેનર અને ટીચર નિલેશભાઈ પ્રજાપતિ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ધવલ સોંદરવા, અપેક્ષા સોમૈયા, અરવિંદકુમાર એન., દુર્ગેશ સોમૈયા, હાર્દિક પારેધી જેવા યુવા ઉદ્યોગ સાહસિકો અને સ્વપ્નસેવીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો.

ધવલ સોંદરવાએ પુસ્તક ભેટ આપી, અરવિંદકુમાર એન. એ. શાલ ઓઢાડી અને દુર્ગેશ સોમૈયાએ મોમેન્ટો આપી ઉત્સાહી અને લોકોપયોગી મેજેનેર શ્રી વરૂણ સક્સેનાનું જાહેર અભિવાદન કર્યું હતું. નૂતન પ્રેરણા ફાઉન્ડેશન વતી શોભનાબેન સોમૈયાએ વ્યવસ્થા સંભાળી હતી. સમગ્ર સમારોહનું સફળ સંચાલન નિલેશભાઈ પ્રજાપતિ અને આભારદર્શન અરવિંકુમારે કર્યું હતું.

## જૈન ધર્મ-દર્શનના આચાર-વિચાર તથા ગ્રંથાલય ‘પંચસૂત્રી’થી અનુપ્રાણિત ગરવા ગ્રંથાલયી
# શ્રી કનુભાઈ શાહ (૧૯૩૭)

**પ્રસ્તાવના**

જૈન ધર્મ-દર્શનના આચાર-વિચાર, ભારતની ગ્રંથાલય પ્રવૃત્તિના પિતા ડૉ. એસ. આર. રંગનાથન પ્રદત્ત ‘ગ્રંથાલય પંચસૂત્રી‘ અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી/ગૂજરાત વિદ્યાપીઠને અભિપ્રેત જીવનશૈલીથી અનુપ્રાણિત શ્રી કનુભાઈ શાહ ગુજરાતના અગ્રણી ગ્રંથાલયવિદોની પંક્તિમાં ગૌરવપ્રદ સ્થાન ધરાવે છે. અનુભવે જણાયું છે કે ગ્રંથાલય વ્યવસાયિક તરીકેના સ્વધર્મ-પાલનમાં વ્યવસાયિક પ્રતિબદ્ધતાને સંકોરવાનું-દૃઢતર કરવાનું કાર્ય – પ્રેરકબળ કૌટુંબિક પરંપરાગત જૈન ધર્મના સંસ્કારો – અહિંસા, દયા, કરુણા, અનેકાંતવાદ વગેરેએ તથા પરમ વૈષ્ણવ ભક્ત કવિ નરસિંહને અભિપ્રેત એવા ‘વૈષ્ણવજન‘ બની રહેવાના ગૂજરાત વિદ્યાપીઠના પર્યાવરણે કર્યું. તેમણે વ્યવસાયિક ફરજના ભાગ તરીકે માત્ર ખાદી પહેરી નથી, પરંતુ તેની ભાવનાને સાચા અર્થમાં આત્મસાત્ કરીને પોતાની જીવનશૈલી તરીકે અપનાવી લીધી છે. એક સુજ્ઞ, તજ્જ્ઞ અને વ્યવહાર-કુશળ ગ્રંથાલયી તરીકે ગ્રંથોનો મહત્તમ ઉપયોગ વધે અને તેની સુરક્ષા જળવાય તેવું વ્યવસ્થાતંત્ર ગોઠવવાની સાથે નિયમોના જડ ચોકઠામાં બદ્ધ ન બની રહેવાનું સુયોગ્ય માન્યું. ‘વિદ્યાપીઠ‘નું ગ્રંથાલય એટલે સૌ કોઈનું ગ્રંથાલય, સૌ કોઈ જ્ઞાનપિપાસુ તેનો યથેચ્છ ઉપયોગ કરી શકે તે ખ્યાલને દૃઢતર કરવા હેતુ - આ ભાવનાને વિદ્યાપીઠ ગ્રંથાલયની સંસ્કૃતિ તરીકે પ્રસ્થાપિત કરવા ગ્રંથાલય પરિવારને પોતાના આચરણ થકી પળોટવામાં સફળ રહેતાં વિદ્યાપીઠના પદાધિકારીશ્રીઓ અને ગ્રંથાલયના વિવિધ સ્તરના ઉપભોક્તાઓની ભારે ચાહના મેળવી શક્યા. વિદ્યાવ્યાસંગતતા અને હકારાત્મક અભિગમના પરિણામે વિદ્યાપીઠ ગ્રંથાલયનો પર્યાય બની રહ્યા. વ્યવસાયિક ફરજોની સાથે ‘ગુજરાતી સંદર્ભગ્રંથો‘, ‘ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન પારિભાષિક કોશ’ વગેરે જેવા મૂલ્યવાન અને milestone સમ ગ્રંથો અને લેખો ઉપરાંત સવિશેષતઃ જૈન ધર્મ-દર્શનના વિવિધ વિષયોનાં શતાધિક અધિકરણોનું ’જૈન વિશ્વકોશ‘ માટે લેખન કર્યું, તેમજ કૌટુંબિક ધર્મ-જૈન ધર્મની યથાર્થમાં ઉપાસના કરવાની સાથે જૈન સમાજની બહુવિધ પ્રવૃત્તિઓમાં સહયોગી બની રહ્યા અને તે પણ સાદગીપૂર્ણ જીવન અને અન્યને મદદરૂપ થવાની ભાવના સાથે. કહેવાયું છે કે **अनपेक्षित गुणदोषः परोपकारः सतां परव्यसनम्** અર્થાત્ બીજાના ગુણ-દોષની અપેક્ષા રાખ્યા વિના પરોપકાર કરવો એ સજ્જનોનું પરમ વ્યસન હોય છે. આ સૂક્તિના મૂર્તિમંત સ્વરૂપ તરીકે કનુભાઈને આ લખનારે અનુભવ્યા છે.

**જન્મ અને શિક્ષણ**

આવા ગરવા ગ્રંથાલયી શ્રી કનુભાઈનો જન્મ વતન પાણેથા, (જિ. ભરુચ)માં જૈન વણિક જ્ઞાતિમાં તા. ૫ ઑગસ્ટ, ૧૯૩૭ના રોજ થયો હતો. પિતાશ્રી લલ્લુભાઈ શાહ અને માતા શ્રીમતી કમળાબહેન શાહ. પત્નીનું નામ શ્રીમતી મંજુલાબહેન. તેમના પરિવારમાં પ્રથમ ત્રણ પુત્રીઓ ચિ. દર્શના, જિપ્સા, જૈમિષા અને બે પુત્રો મિતેશ અને અર્ચિત છે. પ્રાથમિક શિક્ષણ વતનની સરકારી પ્રાથમિક શાળામાંથી મેળવ્યા બાદ મૅટ્રિક સુધીનો અભ્યાસ ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ, સંસ્કારસિંચન અને વિદ્યાર્થીઓના ઘડતર માટે હાથ ધરતી બહુઆયામી પ્રવૃત્તિઓ માટે સુપ્રસિદ્ધ સુનાબાઈ પેસ્તનજી હકીમજી હાઈસ્કૂલ, બોરડી (જિ. થાણા)માંથી અને બોરડીના જૈન છાત્રાલયમાં નિવાસ કરીને કર્યો હતો. ત્યાર બાદ એમ.એસ. યુનિવર્સિટી ઑફ

બરોડામાંથી બી.એ. (ઑનર્સ, ૧૯૫૮) અને ડિપ્લોમા ઇન લાઇબ્રેરી સાયન્સ (બી.લિબ, એસસી. સમકક્ષ, ૧૯૫૯)ની ડિગ્રીઓ મેળવી. વ્યવસાયિક કારકિર્દી દરમિયાન અભ્યાસ ચાલુ રાખતાં કવિશ્રી ઉમાશંકર જોશીના વિદ્યાર્થી બનીને ગુજરાત યુનિવર્સિટીના ભાષા-ભવનમાંથી એમ.એ. (૧૯૬૨) થયા. પોતાના વ્યવસાયિક ક્ષેત્રમાં ઉચ્ચતમ અભ્યાસની ઝંખના સતત પ્રજ્વલિત બની રહેતાં ગૂજરાત વિદ્યાપીઠમાં નવો જ અનુસ્નાતક વિભાગ શરૂ કરાવીને પ્રથમ બૅચના વિદ્યાર્થી બની રહી એમ.એલ.આઇ.એસસી. (૧૯૮૮)ની અને નિવૃત્તિના પ્રાયઃ બે વર્ષ પૂર્વે એમ.ફીલ. (કમ્પ્યૂટર અને ઇન્ફર્મેશન સાયન્સ) સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો.

**વ્યવસાયિક કારકિર્દી**

ગ્રંથાલય ક્ષેત્રે વ્યવસાયિક કારકિર્દીનો પ્રારંભ ગ્રંથાલય વિજ્ઞાનનો ડિપ્લોમા મેળવ્યા બાદ તુરત જ ૧૯૫૯માં ગવર્નમેન્ટ પોલિટેનિક, અમદાવાદમાં ગ્રંથપાલ તરીકે જોડાઈને કર્યો. ત્યાર બાદ પદોન્નતિ અને કૌટુંબિક અનુકૂળતાઓને ધ્યાને લઈને એલ.ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ (૧૯૬૦-૬૧), બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય – એન્જિનિયરિંગ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર (૧૯૬૧-૬૩), શ્રેયસ ફાઉન્ડેશન, અમદાવાદ (૧૯૬૩-૬૫) અને છેલ્લે ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રારંભમાં મદદનીશ ગ્રંથપાલ (૧૯૬૫-૭૫) અને ત્યાર બાદ ગ્રંથપાલ (૧૯૭૫-૯૭) પદે નિવૃત્તિપર્યંત સેવાઓ આપી છે. ગૂજરાત વિદ્યાપીઠમાં કાર્યકાળ દરમિયાન વર્ષ ૧૯૮૮-૯૭ સુધી ગ્રંથાલય, માહિતી અને કમ્પ્યૂટર વિભાગના અધ્યક્ષ તરીકે પણ સેવાઓ આપી છે. આમ, તેમણે સતત ૩૨ વર્ષ સુધી વિદ્યાપીઠમાં સેવાઓ આપી હતી. આ સાથે જ નોંધવું રહ્યું કે 'ગૂજરાત વિદ્યાપીઠ'ના સ્થાપનાકાળથી આજદિન સુધી ગ્રંથપાલ તરીકે સૌથી લાંબા સમય સુધી તેમણે સેવાઓ આપી છે. અહીંના કાર્યકાળ દરમિયાન ગુજરાત સરકારના ગ્રંથાલય ખાતા દ્વારા સાર્વજનિક ગ્રંથાલયોના નિરીક્ષણ માટેની સમિતિમાં નિયુક્તિ કરવામાં આવતાં તેમણે સભ્ય તરીકે સેવાઓ આપી હતી.

ગૂજરાત વિદ્યાપીઠમાંથી વયોચિત નિવૃત્તિ બાદ આચાર્ય કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબામાં નિયામક (૧૯૯૭-૯૮, ૨૦૦૯-૧૪), ખાદીના ટકાઉ કાગળ ઉપર આગમોનું પુનઃ લેખન કરાવતી સંસ્થા 'શ્રુતલેખનમ્' અમદાવાદમાં માહિતી આપૂર્તિકાર (૨૦૦૧-૨૦૦૫), ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વગેરે સંસ્થાઓમાં સેવાઓ આપી છે. કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિરના ગ્રંથભંડારને સુનિયોજિત કરવામાં તેમની સેવાઓ પ્રશસ્ય રહી છે.

**વિદ્યાપીઠના ગ્રંથાલયી**

વડોદરામાં ગ્રંથાલય વિજ્ઞાનના અભ્યાસ દરમિયાન આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ગ્રંથાલયી અને ગ્રંથાલય વિજ્ઞાનના પ્રોફેસર ડૉ. ચંપકલાલ શુકલ ગુરુ તરીકે મળ્યા અને સહપાઠી તરીકે શ્રી પી.સી. શાહ મળ્યા. આ એ પી. સી. શાહ કે જેમણે ગુજરાતના સીમાડાઓ બહાર ભારતભરમાં ગ્રંથાલય વૈજ્ઞાનિક તરીકે ખ્યાતિ અર્જિત કરી હતી. મેધાવી ગુરુના આ બંને શિષ્યોએ પોતાના ગુરુ અને ગ્રંથાલય વ્યવસાયને પોતાનાં પુરુષાર્થ, વ્યવસાયિક નીતિમત્તા, વ્યવસાયિક આચારસંહિતા (Professional ethics) અને સ્વાધ્યાયશીલ બની રહી અજવાળ્યાં છે. ગૂજરાત વિદ્યાપીઠનું ગ્રંથાલય એટલે વિશ્વવિદ્યાલયનું ગ્રંથાલય, રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયનું સાર્વજનિક ગ્રંથાલય અને ગુજરાત સરકારના કૉપીરાઇટ ઍક્ટ અન્વયે મળતાં પુસ્તકોનું ડિપોઝિટરી ગ્રંથાલય. આ ત્રણેય બાબતોનું સુયોગ્ય સંકલન કરીને તેનું સંચાલન કરવું એ કોઈ એક પ્રકારના ગ્રંથાલયની તુલનાએ ઘણું કઠિન કાર્ય છે – કારણ કે તેના વિવિધ સ્તરના વાચકો અને તેવી જ

તેમની વૈવિધ્યપૂર્ણ માંગ, કૉપીરાઇટ સંગ્રહ સંબંધી સરકારી અંકુશો વગેરે બાબતો વિશેષ સતર્કતા માગી લે છે. એક વડા ગ્રંથાલયી તરીકે કર્મઠતા, ધ્યેયનિષ્ઠા અને કોઠાસૂઝથી ગ્રંથાલયનું સુનિયોજિત વ્યવસ્થાતંત્ર ગોઠવવાની સાથે તેને એક Vibrant ક્રિયાશીલ ગ્રંથાલય તરીકે પ્રસ્થાપિત કર્યું. સમયનાં વહેણો સાથે ગ્રંથાલયોમાં કમ્પ્યૂટર ટૅક્નૉલૉજીનો વિનિયોગ શરૂ થતાં આ અદ્યતન ટૅક્નૉલૉજીનું જ્ઞાન મેળવ્યું. આશ્ચર્ય અને ગર્વરૂપ બાબત એ છે કે પોતાના અભ્યાસકાળ દરમિયાન કમ્પ્યૂટરનો 'ક' પણ ન જાણનાર વ્યક્તિએ ગ્રંથાલય સંદર્ભે કમ્પ્યૂટર વિજ્ઞાનમાં સૌથી પ્રથમ ક્રમે ગૂજરાત વિદ્યાપીઠના ગ્રંથાલયનાં કમ્પ્યૂટીકરણ કરવાનું શ્રેય ગ્રંથાલયી કનુભાઈના ફાળે જાય છે અને તે પણ સાડા ત્રણ લાખ જેટલાં પુસ્તકોની ડેટા-એન્ટ્રી ઝડપથી સંપન્ન કરાવીને. ઉલ્લેખનીય છે કે હાલમાં, આ ગ્રંથાલય ૬ લાખ જેટલાં પુસ્તકો ધરાવે છે. સામાન્યતઃ ગાંધીમૂલ્યોને આધારિત શિક્ષણ પૂરું પાડનાર વિદ્યાપીઠના ગ્રંથપાલે અદ્યતન ટૅક્નૉલૉજીના વિનિયોગથી ગ્રંથાલય સુસજ્જ કરવામાં હરણફાળ ભરીને દૃઢ મનોબળ અને કર્મઠતાનાં જે દર્શન કરાવ્યાં છે તે અભિનંદનીય બની રહેવાની સાથે પ્રેરણાદાથી પણ બની રહે છે. કનુભાઈની આ સિદ્ધિની નોંધ લઈને નૅશનલ ઇન્ફરમેશન સિસ્ટમ ફોર સાયન્સ ઍન્ડ ટૅક્નૉલૉજી-NISSAના તત્કાલીન ડાયરેક્ટર ડૉ. અભિજિત લાહેરીએ 'NISSAT News Letter' માટે ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયના કમ્પ્યૂટીકરણ સંદર્ભે સ્વાનુભવો સાથે લેખ લખવા કનુભાઈને નિમંત્રણ પાઠવતાં તેમનો આ લેખ છપાતાં ગ્રંથાલય જગતે તેની મુક્તકંઠે સરાહના કરી હતી. આ ઘટનાની નોંધ લેતાં પી.સી. શાહે તેને 'એક અજોડ પ્રવૃત્તિનો નમૂનો' ગણાવ્યો હતો. વિદ્યાપીઠના મુખ્ય ગ્રંથપાલ ઉપરાંત ગ્રામ સેવા કેન્દ્રો – સાદરા અને રાંધેજા, શાંતિસંશોધન કેન્દ્ર તથા ગાંધીવિચાર ગ્રંથસંગ્રહના વિકાસમાં પણ સતત ક્રિયાશીલ બની રહ્યા હતા.

કોઈ પણ ગ્રંથાલય તેની ગ્રંથસમૃદ્ધિ અને અસાધારણ માળખાગત સુવિધાઓ વચ્ચે પણ માનવીય સંવેદનશીલતા સાથે વૈવિધ્યસભર સેવાઓ અસરકારક રીતે પૂરી પાડવામાં સફળ રહે તો તે ગ્રંથાલયનું અદકેરું મૂલ્ય બની રહે છે. આ દૃષ્ટિએ જોઈએ તો ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય તેની ગ્રંથસમૃદ્ધિ, માળખાગત સુવિધાઓ અને સુચારુ સેવાઓના સમરસતાપૂર્ણ સંયોજનના કારણે સૌનું પોતીકું ગ્રંથાલય બન્યું છે, જેનું શ્રેય મુખ્ય ગ્રંથપાલ તરીકે શ્રી કનુભાઈ શાહ અને તેમના સહકર્મચારીઓના શિરે રહે છે. આ ગ્રંથાલય દ્વારા ટૅક્નૉલૉજીના વિનિયોગથી ઘણી બધી સેવાઓ સુયોગ્ય રીતે પૂરી પાડવામાં આવે છે. આ બધી સેવાઓ પૈકી પ્રસંગોપાત્ત વિવિધ વિષયક વાઙ્મયસૂચિઓ તૈયાર કરવાની સેવા અસાધારણ અને વિશેષ ઉલ્લેખનીય છે. આ અન્વયે કનુભાઈના કાર્યકાળ દરમિયાન ૧૦૦થી અધિક વિવિધ વિષયોની શાસ્ત્રીય વાઙ્મયસૂચિઓ તૈયાર કરવામાં આવી હતી.

આ બધી સૂચિઓનું વિષયવૈવિધ્ય પણ દૃષ્ટવ્ય છે, જેમ કે, વ્યક્તિવિશેષ – ઉદા. તરીકે મહાત્મા ગાંધી, પંડિત સુખલાલજી, કાલિદાસ, રવીન્દ્રનાથ ટાગોર, સરદાર વલ્લભભાઈ, પંડિત જવાહરલાલ નહેરુ, ડૉ. એસ. આર. રંગનાથન વગેરે; વિષયસૂચિઓ ઉદા. તરીકે સામુદાયિક શિક્ષણ, બિનજોડાણવાદી નીતિ, ગુજરાતી ભાષા, બૌદ્ધ ધર્મ, સામાજિક નૃવંશશાસ્ત્ર, જમીન વિજ્ઞાન, હિન્દુ મહિલા સમસ્યા, ભારતીયવિદ્યા, ગ્રામવિકાસ વગેરે; સામયિક-લેખસૂચિ, ગુજરાતી સામયિકોમાં પ્રગટ થયેલ લેખોની સૂચિ વગેરે; કૉપીરાઇટ વિભાગમાં ઉપલબ્ધ ઈ.સ. ૧૯૦૦ પૂર્વે પ્રકાશિત પુસ્તકોની સૂચિ, ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં પ્રાપ્ત સંદર્ભગ્રંથો, સામયિકો, અલભ્ય ગ્રંથો – Rare Books, સમાજવિદ્યા, શાંતિ વગેરે વિષયોનાં પુસ્તકોની સૂચિઓ – આ બધી સૂચિઓ વિદ્યાપીઠ દ્વારા આયોજિત પરિસંવાદો, વ્યક્તિવિશેષની જન્મશતાબ્દીની ઉજવણી, ઉપભોક્તાઓ દ્વારા કોઈ એક વિષય હેઠળની સૂચિ તૈયાર કરી આપવા માટે

માંગ, ગ્રંથાલયના વિશિષ્ટ સંગ્રહો જેમ કે, અલભ્યગ્રંથો, સંદર્ભગ્રંથો, સામયિક વગેરેની સમૃદ્ધિ ઉપભોક્તાઓ સમક્ષ ઉજાગર કરવા વગેરે હેતુઓને ધ્યાને લઈને ગ્રંથાલય પરિવાર દ્વારા તૈયાર કરવામાં આવી છે. વળી, આ સાથે ખાસ નોંધપાત્ર બાબત એ કે ગ્રંથાલય દ્વારા પૂરી પાડવામાં આવતી સેવા અને આ અન્વયે તૈયાર કરેલ વાઙમયસૂચિઓની Bibliographical and Documentation Services of Gujarat Vidyapith Granthalaya શીર્ષક હેઠળ mimeograph સ્વરૂપે તૈયાર કરીને વિતરિત કરવામાં આવી છે. ગ્રંથાલય દ્વારા તૈયાર કરવામાં આવેલ આ બધી સૂચિઓ બહુવિધ રીતે ઉપયોગી છે. તેમના આ કાર્યની નોંધ લેતાં વિદ્યાપીઠના તત્કાલીન કુલનાયક (કુલપતિ) શ્રી રામલાલ પરીખે પણ નોંધ્યું છે કે, ''શ્રી કનુભાઈ શાહે આ ઐતિહાસિક ગ્રંથાલયને વિકસતું રાખવા ઘણો પ્રયાસ કર્યો છે. (તેમજ) ગ્રંથસૂચિઓના કાર્યને વિકસાવવામાં તેમણે સક્રિય રસ દાખવ્યો છે.''

અનુભવે જણાયું છે કે ગુજરાતના કોઈ યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા આટલા મોટા પ્રમાણમાં વૈવિધ્યસભર સૂચિઓ તૈયાર કરવામાં આવી નથી. શ્રી કનુભાઈના નેતૃત્વ હેઠળ સંપન્ન કરવામાં આવેલાં વિવિધ કાર્યોમાં તેમના કુશળ નેતૃત્વ અને સંચાલકીય શક્તિનાં દર્શન થાય છે. તેમની આ અનોખી વહીવટીય કુશળતાના પ્રત્યક્ષ દૃષ્ટા ગૂજરાત વિદ્યાપીઠના ગુજરાતી વિભાગના તત્કાલીન પ્રોફેસર અને અધ્યક્ષ શ્રી ચંદ્રકાન્ત શેઠે નોંધ્યું છે કે, ''પ્રશ્નો તો જાતભાતના આવે, અનેક આવે, પણ બધામાંથી રસ્તો કેમ કાઢવો એની વાણિયાશાઈ ચતુરાઈ પણ એમની ખરી. તેથી તો જાતભાતની પ્રકૃતિના માણસોને એ સાથે રાખી શક્યા.'' 'ગીતા'માં નેતૃત્વનાં ગુણો દર્શાવતાં કહ્યું છે :

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥
(गीता॥ ३/२१)

(શ્રેષ્ઠ પુરુષ જે-જે આચરે છે, અન્ય માણસો પણ તેને તેને જ આચરે છે; તે જે કંઈ પ્રમાણ કરી આપે છે, સકળ માનવના સમૂહ તે પ્રમાણે વર્તવા લાગે છે.)

શ્રી કનુભાઈ જૈનધર્માવલમ્બી ખરા, પરંતુ રૂઢિચુસ્ત નહીં. જૈન ધર્મના અનેકાન્તવાદને આત્મસાત્ કરીને આર્ષગ્રંથ 'શ્રીમદ્ ભગવદ્ગીતા' કથિત ઉપદેશને પણ તેમણે ગ્રાહ્ય રાખ્યો છે. પોતે સતત કાર્યરત રહ્યા, ફરજ માટેના અપેક્ષિત કાર્યકાળથી પણ વધુ સમય ગ્રંથાલય માટે ફાળવતા રહ્યા, જેનાં પરિણામે સાથી કર્મચારીઓ પણ પ્રભાવિત થતાં સ્વયં શિસ્તપાલન કરતા થયા અને તે પણ એક પરિવારની ભાવનાથી. માનવબળ સંચાલનની આ એક મોટી સિદ્ધિ છે. આ સાથે જ નોંધવું રહ્યું કે શ્રી કનુભાઈને શ્રી કિરીટભાઈ ભાવસાર (નાયબ ગ્રંથપાલ) અને શ્રી નવલસિંહ વાઘેલા (મદદનીશ ગ્રંથપાલ) જેવા કર્મઠ અને સેવાપરાયણ સાથીઓ મળ્યા, જેના પરિણામે ઘણીબધી સૂચિઓનું સંપાદન એક પરિવાર તરીકે શક્ય બન્યું. આ સાથે જ આ ત્રણેય વ્યક્તિગત રીતે દિશાદર્શક સૂચિઓનું સંપાદન કરતાં ખ્યાતિ પણ પામ્યા.

**ગ્રંથાલય વિજ્ઞાનના પ્રાધ્યાપક**

ગૂજરાત વિદ્યાપીઠની ભાવનાને સાકાર કરતાં અનોખા ગ્રંથાલયી બની રહેવાની સાથે જ વિદ્યાપીઠમાં ગ્રંથાલય વિજ્ઞાનના બી.લિબ. એસસી., એમ.લિબ. એસસી. અને એમ.ફિલના અભ્યાસક્રમો શરૂ કરવામાં તેમનું પ્રદાન સુવર્ણાક્ષરે લેખાશે. વિદ્યાપીઠે આ વિભાગનું અધ્યક્ષપદ તેમને સોંપ્યું. આ ઉપરાંત કેટલાંક વર્ષો સુધી કમ્પ્યૂટર શિક્ષણના વિભાગના વડાની જવાબદારી પણ તેમને સોંપવામાં આવતાં કુશળતાપૂર્વક વહન કરી હતી. આ બધા અભ્યાસક્રમોની રચના અને તેનું ક્રિયાન્વયન કરવામાં તેમજ

વખતોવખત તેના અદ્યતનીકરણમાં ભારે તજ્જ્ઞતા અને સતર્કતા દાખવી હતી. યુ.જી.સી.એ કૉલેજ ગ્રંથાલયો માટે M.Lib.Sc.ની ડિગ્રી ફરજિયાત કરતાં આ જરૂરિયાતને પહોંચી વળવા દૂરંદેશિતા વાપરીને શનિ-રવિના દિવસોમાં બે વર્ષનો પાર્ટ-ટાઇમ ધોરણે આ અભ્યાસક્રમ શરૂ કરીને ગુજરાતના ઘણા બધા વર્કિંગ લાઈબ્રેરિયનો માટે આશીર્વાદરૂપ નીવડ્યા છે. આ વિભાગના ઉપક્રમે વખતોવખત પ્રાદેશિક અને રાષ્ટ્રીય પરિસંવાદો, કાર્યશિબિરો, કૉલેજ ગ્રંથાલયો માટે ઑરિએન્ટેશન અને રિફ્રેશર કોર્સિસ વગેરેનું નિરંતર આયોજન અને આ હેતુ રાષ્ટ્રના અગ્રણી ગ્રંથાલયવિદોને નિમંત્રીને તેમનો લાભ લેવાનું દષ્ટિપૂત કાર્ય તેમણે કર્યું હતું. આ સાથે તેમને કેટલાક પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરના અને નવી દિલ્હીમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં ભાગ લઈ પેપર્સ રજૂ કર્યાં છે. તેઓશ્રી ખ્યાતિપ્રાપ્ત ગ્રંથાલયી અને ગ્રંથાલય વિભાગના પ્રોફેસર હોવાથી ગુજરાતની કેટલીક યુનિવર્સિટીઓ ઉપરાંત નાગપુર યુનિવર્સિટી દ્વારા 'બોર્ડ ઑફ સ્ટડીઝ'ના સભ્ય તરીકે નિમંત્રિત કરીને તેમની સેવાઓ લેવામાં આવી હતી. તેમના કાર્યકાળ દરમિયાન સ્નાતકથી એમ.ફીલ. કક્ષા સુધીના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને તેમના માર્ગદર્શન હેઠળ વિવિધ વિષયક ડિઝર્ટેશન તૈયાર કરાવ્યા હતા. વધુમાં, ગૂજરાત વિદ્યાપીઠ ઉપરાંત 'ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી' અને 'ઇન્દિરા ગાંધી નૅશનલ ઑપન યુનિવર્સિટી' દ્વારા ચલાવવામાં આવતા ગ્રંથાલયશાસ્ત્રના અભ્યાસક્રમોના પરામર્શક-અધ્યાપક તરીકે પણ તેમણે લાંબા સમય સુધી સેવાઓ આપી હતી.

**લેખન-પ્રવૃત્તિ**

વ્યવસાયિક ગ્રંથાલયિત્વ અને અધ્યાપનના નિર્વાહની સાથે-સાથે ગ્રંથાલયના સાચા ઉપાસક બની રહી જ્ઞાનગંગાના તટે તેનું યથેચ્છ રસપાન કરતા રહ્યા. ગ્રંથપાલના અસ્તિત્વની ઓળખ માટે આવશ્યક – essential ગુણ વાચનપ્રીતિનું સતત સંવર્ધન કરતાં રહેતાં તેમજ અધ્યયન અને ચિંતનના પરિપાકરૂપ તેમણે કેટલાક ગ્રંથો/લેખોનું સર્જન કર્યું. આ પૈકી 'ગુજરાતી સંદર્ભગ્રંથો' (૧૯૯૫) અને 'ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન પારિભાષિક કોશ' (૨૦૦૪) ગ્રંથો એ તેમની અધ્યયનશીલતા અને વ્યવસાયિક ક્ષેત્રે સત્ત્વશીલ પ્રદાન કરવાના કૃતસંકલ્પના દ્યોતક બની રહે છે. ગુજરાતના ગ્રંથાલય વિજ્ઞાનક્ષેત્ર તેમણે આ ગ્રંથો થકી પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. આ બન્ને એવા વિદ્વત ગ્રંથો છે કે આ પૈકી કોઈપણ એક ગ્રંથ કોઈ યુનિવર્સિટીમાં પીએચ.ડી.ના શોધપ્રબંધના ભાગરૂપે રજૂ કરવામાં આવ્યો હોત તો પણ સરળતાથી આ ડિગ્રી હાંસલ કરી શક્યા હોત. જોકે આપણા ત્યાં રુગ્ણ માનસિકતા રહી છે કે વાઙ્મયસૂચિકાર્ય પીએચ.ડી. ડિગ્રી માટેનો વિષય ન બની શકે. આ સંદર્ભે નોંધવું રહ્યું છે કે આજથી પ્રાયઃ સાડાપાંચ દશક પૂર્વે અમેરિકાની મિશિગન યુનિવર્સિટીએ જગદીશ શરણ શર્માને 'મહાત્મા ગાંધી : વાઙ્મયસૂચિ' માટે પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરી હતી. આજકાલ સત્ત્વહીન અને નિરર્થક વિષયો હેઠળના કહેવાતા શોધપ્રબંધો માટે પીએચ.ડી.ની ડિગ્રી વિવિધ યુનિવર્સિટીઓ દ્વારા જથ્થાબંધ સંખ્યામાં એનાયત કરવામાં આવી રહી છે. તેની તુલનાએ વાઙ્મયસૂચિઓ સંશોધકો માટે બહુવિધ રીતે ઉપયોગી છે તે ધ્યાનમાં લેવા જેવું છે. આ સંદર્ભે ઉલ્લેખ કરવો રહ્યો કે કનુભાઈ શાહ અને પ્રકાશ વેગડે પણ વાઙ્મયસૂચિને 'વિદ્વાનો અને સંશોધકો માટે ધોરી માર્ગ પર પહોંચવાનું અતિ મહત્ત્વનું સાધન' ગણાવ્યું છે.

**'ગુજરાતી સંદર્ભગ્રંથો'** (૧૯૯૫) એ મૂલતઃ લેખકે ગૂજરાત વિદ્યાપીઠના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન પારંગતના અભ્યાસક્રમ ભાગરૂપે ડૉ. ચંદ્રકાન્ત શેઠના માર્ગદર્શન હેઠળ રજૂ કરવામાં આવેલા લઘુશોધનિબંધનું સંવર્ધિત સ્વરૂપ છે. અહીં ગુજરાતી મુદ્રણના પ્રારંભકાળ ૧૭૯૭થી ૧૯૯૩ સુધી ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલા વિવિધ પ્રકારના સંદર્ભગ્રંથોની વાઙ્મયસૂચિગત માહિતી ઉપરાંત સટિપ્પણ વિવરણ

સહિતનું સર્વેક્ષણ રજૂ કરવામાં આવ્યું છે, જેમાં જ્ઞાનકોશો, સર્વસંગ્રહો, શબ્દકોશો, વાઙ્મયસૂચિઓ, નિર્દેશિકાઓ, વાર્ષિકીઓ વગેરે ૧૧ પ્રકારના ૪૦૦ ગ્રંથો (૫૧૨ ખંડો)ની વર્ગીકૃત ક્રમમાં માહિતી આપવામાં આવી છે. આ ઉપરાંત જે સંદર્ભગ્રંથો પ્રત્યક્ષ તપાસ્યા નથી તેવા ૧૦૪ સંદર્ભગ્રંથોની વર્ણનાત્મકસૂચિ (પૃ. ૧૮૩-૧૮૬) અલગથી આપી છે. આ ગ્રંથના સરળ ઉપયોગ હેતુ વિવિધ સૂચિઓ તેમજ ગ્રંથારંભે ગુજરાતીમાં સંદર્ભગ્રંથ સાહિત્યની વિવેચનાત્મક વિકાસરેખા ગુજરાતી સંદર્ભગ્રંથોનો આયનો છે કે જેમાં ગુજરાતી સંદર્ભગ્રંથોની વિકાસગાથાનું સ્પષ્ટ પ્રતિબિંબ જોવા મળે છે. આ સાથે જ ગુજરાતી મુદ્રણકળાનાં લક્ષણોની જાણકારી હેતુ કેટલાક ગ્રંથોનાં ગ્રંથનામ પૃષ્ઠોની ફોટો-નકલો આપીને આ ગ્રંથનું દસ્તાવેજી મૂલ્ય વધાર્યું છે. આ ગ્રંથ સંદર્ભસેવાના એક મૂલ્યવાન સાધન તરીકે ઉપયોગી બની રહેવા ઉપરાંત ગ્રંથાલય વ્યવસાયિક મિત્રો માટે પ્રેરણાદાયી બની રહેશે.

**'ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન પારિભાષિક કોશ' :** (૨૦૦૪) એ તેમની મૌલિક પ્રતિભાનો દ્યોતક ગ્રંથ છે, કે જેમાં ગ્રંથાલય વિજ્ઞાન સંબંધી અંગ્રેજી-ગુજરાતી, ગુજરાતી-અંગ્રેજી અને કમ્પ્યૂટર વિશેના કુલ મળીને ૫૩૨૫ શબ્દોના અંગ્રેજી અને ગુજરાતી પર્યાયવાચી આપવામાં આવ્યા છે. ગ્રંથાલય વિજ્ઞાનનું માતૃભાષા ગુજરાતીમાં શિક્ષણ અપવામાં આવે છે, પરંતુ ગુજરાતીમાં સ્તરીય પુસ્તકો પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ ન હોવાથી આ કોશ ગ્રંથાલય વિજ્ઞાન વિદ્યાક્ષેત્રના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે બહુવિધ રીતે ઉપકારક નીવડશે. આ કોશ નિર્માણમાં તેમની વર્ષોની સાધના અને વિષય તજ્જ્ઞતાની સહજમાં પ્રતીતિ થાય છે.

**'ગ્રંથાલય સેવાઓ' :** (૨૦૦૪) એ 'પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ' અંતર્ગત ૧૧૦૧મા ક્રમે પ્રકાશિત છે. અહીં ગ્રંથાલયની વિભાવનાથી શરૂ કરીને ગ્રંથાલય પ્રવૃત્તિનો ઉદ્દભવ અને વિકાસ, ગ્રંથાલયોના હેતુ અને ઉદ્દેશ, સંદર્ભસેવાઓની લાક્ષણિકતાઓ અને વ્યાપ, આવશ્યકતા, સંદર્ભસેવાના પ્રકારો, માહિતીસેવાઓ, રૂઢિગત-સેવાઓમાં પરિવર્તન વગેરે બાબતોને આવરી લઈને આ બધી બાબતો વિશે સારગ્રાહી નવનીત રજૂ કરવામાં આવ્યું છે, જેમાં લેખકનાં અધ્યયનશીલતા, અનુભવ અને ભાષા- સામર્થ્ય અર્થાત્ ગાગરમાં સાગર ભરવાનું સામર્થ્ય સ્પષ્ટ ઊપસી આવે છે. ગ્રંથાલયિત્વ કેળવવા માટે આ પુસ્તિકા હાથપોથીની ગરજ સારે છે.

આ ગ્રંથો ઉપરાંત તેમણે Bibliography of Encyclopaedias in English and Indian Languages: ૧૮૯૧ – ૨૦૦૧ (વિશ્વકોશ વિમર્શ/સંપા. ડૉ. પ્રીતિ શાહ, ૨૦૦૧, પૃ. ૧૬૪-૨૨૪) અને અન્ય કેટલીક વાઙ્મયસૂચિઓનું સંપાદન કર્યું છે.

આ બધા સ્વતંત્ર ગ્રંથો ઉપરાંત તેમણે વિદ્યાપીઠના નાયબ ગ્રંથપાલ શ્રી કિરીટભાઈ ભાવસારના સહયોગમાં તપાસ-નિબંધસૂચિ : ગૂજરાત વિદ્યાપીઠમાં વિવિધ પરીક્ષાઓના ભાગ તરીકે રજૂ કરવામાં આવેલ નિબંધો/શોધપ્રબંધોની સૂચિ' (૧૯૭૫), ગુજરાતી સામયિક લેખસૂચિ : ૧૯૭૫ અને ૧૯૭૬, હસ્તપ્રતસૂચિ : ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિન્દી વગેરે ભાષાઓની ૬૦૦+ હસ્તપ્રતોની વિવરણાત્મકસૂચિ (૧૯૮૮) વગેરે મહત્ત્વપૂર્ણ સૂચિઓનું શાસ્ત્રીય રીતે સંપાદન કર્યું છે. 'સામયિક લેખસૂચિ'માં ગુજરાતી ભાષા-સાહિત્યમાં પ્રકાશિત થતાં મોટા ભાગનાં સામયિકોમાં પ્રગટ થયેલ લેખોની સૂચિ વર્ગીકૃત કરીને આપવામાં આવી છે. વિવિધ સ્તરના સંશોધકો, જિજ્ઞાસુઓ વગેરે માટે ખૂબ જ ઉપયોગી બની રહે એવું આ કાર્ય પ્રશંસાપાત્ર છે, પરંતુ કમનસીબે બે સૂચિઓના પ્રકાશન બાદ આ કાર્ય આગળ વધી શક્યું નથી, જોકે તેની પૂર્તિ ડૉ. રમણ સોની અને ડૉ. કિશોર વ્યાસે ૧૯૯૬થી પ્રગટ થતાં સામયિકોની લેખસૂચિઓ તૈયાર કરીને પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ કરતાં ૧૯૯૬થી ૨૦૧૫ સુધીમાં સામયિકોમાં પ્રગટ થયેલા લેખોની સૂચિઓ પ્રકાશિત કરી છે.

આગળ ઉપર દર્શાવેલા ગ્રંથો અને વાઙ્મયસૂચિઓ ઉપરાંત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયક કેટલાક લેખો પણ તેમણે લખ્યા છે. આ પૈકી 'ડૉ. એસ. આર. રંગનાથન' અને 'હેન્રી બ્લિસ'નાં જીવનચરિત્ર અને પ્રદાનને મૂલવતા બે લેખો તથા કિરીટ ભાવસારના સહયોગમાં 'બ્રિટિશ લાઇબ્રેરી' અને પ્રકાશ વેગડના સહયોગમાં 'વાઙ્મયસૂચિ' વિશેનો લેખ સમાવિષ્ટ છે. આ બધા લેખો 'ગુજરાતી વિશ્વકોશ'નાં અધિકરણો તરીકે પ્રગટ થયા છે, આ બધા જ લેખો તેની અધિકૃતતા અને ગુણવત્તાની સાથે તેનાં સાર્વદેશિક પાસાંઓને આવરી લેતા હોઈ મૂલ્યવાન બની રહે છે. આ લેખો પૈકી 'વાઙ્મયસૂચિ' વિશેનો લેખ વ્યાપ્તિ-લેખ સમાન છે. પ્રાયઃ ૯ કૉલમમાં લખાયેલા આ વિસ્તૃત લેખમાં વાઙ્મયસૂચિની વિભાવના, ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વિશ્વની અને સવિશેષતઃ ભારત અને ગુજરાતની વાઙ્મયસૂચિનો વિવેચનાત્મક અભિગમથી ઇતિહાસ વર્ણવ્યો છે.

**જૈન ધર્મના આરાધક અને લેખક**

શ્રી કનુભાઈનો જન્મ જૈન કુળમાં થવાથી સ્વાભાવિક રીતે જ જૈન આચાર-વિચાર તેમના લોહીનો લય બની ગયેલા છે; પરંતુ, આથી પણ વિશેષ નોંધપાત્ર બાબત તો એ છે કે બાલ્યાવસ્થાથી જ ઉત્તરોત્તર જૈન શાસ્ત્રગ્રંથો અને સાહિત્યના વાંચનમાં વધતી જતી પ્રીતિ, જૈન ધર્મ- દર્શનની વૈજ્ઞાનિકતા, વ્રત-પૂજા ઇત્યાદિમાં વિશેષ શ્રદ્ધાભાવ વગેરેના કારણે આચાર-વિચારમાં નખ- શિખ જૈન બની રહ્યા. અત્રે નોંધવું રહ્યું કે દીક્ષાર્થી પાસે તેની શ્રદ્ધાની કસોટી કરાવતા પ્રસંગે નીચેનો મંત્ર ઉચ્ચરાવવામાં આવે છે :

**अरिहंतो महदेवो, जावज्जीवं सुसाहूणो गुरुणो।**

**जिणपन्नतं तत्तं, इअ सम्मतं मअे गहिअं ॥**

અર્થાત્ : યાવજ્જીવન સુધી શ્રી અરિહંત મારા દેવ છે, સુસાધુ ભગવંત મારા ગુરુ છે અને શ્રી જિનેશ્વર પ્રરૂપિત એ ધર્મ જ મારો ધર્મ છે એ પ્રમાણે મેં સમ્યક્ત્વ ગ્રહણ કર્યું છે. (જૈન વિશ્વકોશ, ખંડ-૪, પૃ. ૩૫૦). આપણા કનુભાઈએ ભલે દીક્ષા લીધી નથી, પરંતુ તેમની સાથેના છેલ્લા ત્રણ દશકના સંબંધના કારણે જોવા મળ્યું છે કે દીક્ષાર્થીઓએ પાળવાનાં ઉપર દર્શાવેલાં વ્રતોનું જિનપ્રભુમાં આસ્થા સાથે પાલન કરી રહ્યા છે. તેમણે ઉપધાન તપ (૪૦૦ દિવસનું તપ, એક દિવસ નકોરડો ઉપવાસ અને એક દિવસ બિયાસણું) કર્યું હતું. આ તપના પૂર્ણાહુતિ-પ્રસંગે સંભવનાથ જૈન આરાધના કેન્દ્ર, તારંગાની સંઘયાત્રાનું આયોજન સંવત ૨૦૬૬માં કર્યું હતું જેમાં ૪૦૦ વ્યક્તિઓને યાત્રાનો લાભ અપાવ્યો હતો. આ ઉપરાંત પ્રસંગોપાત્ત જૈન ધર્મનાં કેટલાંક અનુષ્ઠાનો જેમ કે 'શ્રી સિદ્ધચક્ર મહાપૂજા', 'શ્રી શાંતિસ્નાત્ર બૃહદપૂજન', 'શ્રી ગૌતમસ્વામી પૂજન', 'શ્રી ઉવસગ્ગહરં મહાપૂજન' વગેરે કરવા ઉપરાંત શેરીસા મહાતીર્થના ત્રિદિવસીય છ'રી પાલિત સંઘનું પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી શીલરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં આયોજન પણ કર્યું હતું.

જૈન ધર્મના આચાર-વિચારના પાલનની સાથે જ જૈન ધર્મ અને જૈન સમાજની કેટલીક સમાજસેવી સંસ્થાઓ જેમ કે 'સંભવનાથ જૈન આરાધના કેન્દ્ર', 'શ્રી મહાવીર જૈન ડેવલપમેન્ટ ફેડરેશન' (પ્રમુખ, ૧૯૯૬-૯૯), 'શ્રી જૈન દશા ઓસવાલ સંઘ (સિનોર)' શ્રી સિનોર પાંજરાપોળ, શ્રી સિનૌર જૈન મિત્રમંડળ (અમદાવાદ), 'શ્રી મહાવીર જૈન યુવક મંડળ' વગેરેમાં સમયાંતરે તેના સભ્ય, ટ્રસ્ટી, મંત્રી કે પ્રમુખપદે રહીને સ્વધર્મના પાલન હેતુ પોતાની સેવાઓ આપી રહ્યા છે. આ ઉપરાંત તારંગા (ઉ.ગુ.)ની તળેટીમાં આવેલા સંભવનાથ જૈન આરાધના કેન્દ્ર અને વાત્સલ્યધામ (વડીલ વિશ્રાન્તિ ગૃહ)નું સેવાભાવનાથી પ્રેરાઈને વ્યવસ્થાપન કાર્ય સંભાળી રહ્યા છે. વ્યવસાયિક નિવૃત્તિ બાદ આ બધી સંસ્થાઓનાં

વિવિધ કાર્યો સંપન્ન કરવામાં તેમજ ધર્મમય પ્રવૃત્તિઓમાં ખાસ સમય ફાળવી આપે છે. જેમાં શ્રી કનુભાઈની સ્વધર્મ પાલન સાથેની ક્રિયાશીલતા વિશેષ ધ્યાનાર્હ બની રહે છે. આ બધાં ટ્રસ્ટોના ઉપક્રમે ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિકક્ષેત્રે હાથ ધરવામાં આવી રહેલી પ્રવૃત્તિઓ ખરે જ અભિનંદનીય બની રહે છે.

આ બધી સેવાઓની સાથે જ પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજની નિશ્રામાં 'શ્રી ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ (મુંબઈ)' દ્વારા પ્રકાશિત અને પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને શ્રી ગુણવંત બરવાળિયા દ્વારા સંપાદિત 'જૈન વિશ્વકોશ' માટે જૈન ધર્મ-દર્શનના બહુવિધ વિષયો વિશે અધિકરણોના લેખનનું કાર્ય જૈન સાહિત્યના અધ્યેતાનું દ્યોતક બની રહે છે. આ કોશના પ્રકાશિત પાંચ ખંડોમાં ૬૫ જેટલાં અધિકરણો ગ્રંથસ્થ છે. આ પૈકી ૧૨ જેટલાં અધિકરણોનું અન્યોના સહયોગમાં લેખન કર્યું છે. આ ઉપરાંત હવે પછી પ્રગટ થનાર બાકીના પાંચ ખંડોમાં તેમના પ્રાયઃ ૫૦ જેટલાં અધિકરણો સમાવિષ્ટ થશે. આ બધાં અધિકરણોનું વિષયવૈવિધ્ય પણ ધ્યાનાર્હ બની રહે છે, જેમ કે જૈનતીર્થો, મુનિ ભગવંતો, શ્રેષ્ઠીઓ, વિદ્વાનો, પૌરાણિક પાત્રો, પારિભાષિક શબ્દો, કૃતિઓ, અન્ય રાજ્યોમાં જૈન ધર્મનો વિકાસ અને વર્તમાન સ્થિતિ, જૈન ધર્મનાં વિધિ-વિધાન, સંપ્રદાય, કોશસાહિત્ય, કૃતિ પરિચયો, જ્ઞાનભંડારો વગેરે. પ્રત્યેક અધિકરણ વિશ્વકોશ માટે અપેક્ષિત અધિકૃતતા, વિશ્વસનીયતા, અદ્યતનતા, લાઘવતા, શિષ્ટભાષાપ્રયોગ વગેરે લાક્ષણિકતાઓના યથાયોગ્ય નિર્વાહ સાથે લખાયેલું છે. વિવિધ જૈન તીર્થો વિશે ૨૦ જેટલાં અધિકરણો છે, જેમાં અજાહરાતીર્થ, અવંતી પાર્શ્વનાથતીર્થ, ઈડરતીર્થ, કલિકુંડ પાર્શ્વનાથતીર્થ, ગંભૂતાતીર્થ, ગિરિનગર વગેરે સમાવિષ્ટ છે. અહીં પ્રત્યેક તીર્થ વિશે યથાસંભવ મૂળનાયક અને પ્રતિમા વર્ણન, જિનાલયનું શિલ્પ-સ્થાપત્ય, ચિત્ર સમૃદ્ધિ, જ્ઞાનભંડાર સ્થાપના અને જીર્ણોદ્ધાર સંબંધી ઐતિહાસિક વિકાસગાથા, તીર્થ સાથે કોઈ તીર્થંકરનો સંબંધ હોય તો તે, જેમ કે ગિરનાર તીર્થ અને નેમિનાથની નિર્વાણભૂમિ, આસપાસનાં અન્ય તીર્થો, વાહનવ્યવહાર, ગ્રંથોનું સર્જન – જેમ કે ગંભૂતાતીર્થમાં શીલાંકાચાર્ય (વિ.સં. ૯૧૯) દ્વારા 'આચારાંગસૂત્ર'ની ટીકા રચવી, વગેરે બાબતોને કાળજીપૂર્વક આવરી લેવામાં આવી છે. મુનિ ભગવંતો અંતર્ગત અભયસાગરજી, ઉદયપ્રભ-સૂરીશ્વરજી, ચતુરવિજયજી, દર્શનવિજયજી (ત્રિપુટી), દોલતસાગર સૂરીશ્વરજી, ધર્મસૂરીશ્વજી, ન્યાયવિજયજી વગેરેનાં જન્મ, વતન, માતા-પિતા, શિક્ષણ, દીક્ષાબાદનું શિક્ષણ, ગુરુપેઢી, ગ્રંથરચના, શાસન પ્રભાવનાનાં કાર્યો, જિનબિંબોની પ્રતિષ્ઠા, કાળધર્મ વગેરે સંબંધી વિગતો આવરી લેવામાં આવી છે. ઉદા. તરીકે ઉદયપ્રભસૂરી દ્વારા સંઘપતિચરિત્ર યા ધર્માભ્યુદય, સુકૃતસંકીર્તકલ્લોલિની, નેમિનાથ-ચરિત્ર, ઉપદેશમાલા વગેરે ગ્રંથોનું સર્જન અને મહામાત્ય વસ્તુપાલ દ્વારા વિ.સં. ૧૨૯૦માં 'ધર્માભ્યુદય'ને ખંભાતમાં તાડપત્ર ઉપર ઉત્કીર્ણ કરવી (આ પ્રત હાલમાં શાંતિનાથ જૈન જ્ઞાનભંડાર, ખંભાતમાં ઉપલબ્ધ છે), 'જ્ઞાનભંડાર' સંબંધી અધિકરણ એક સરસ વ્યાપ્તિલેખ જેવું છે, જેમાં ગુજરાતના પ્રમુખ જ્ઞાનભંડારો અને તેના હસ્તપ્રતસૂચિપત્રો, હસ્તપ્રતવિદ્યા વગેરે બાબતો-વિગતો આવરી લેવામાં આવી છે. આ સાથે જ આ અધિકરણોના અંતમાં યથાસંભવ સંદર્ભસૂચિ પણ આપવામાં આવી છે. આ જ રીતે 'જૈન કોશ સાહિત્ય'ના અધિકરણમાં ૨૫ જેટલા વિવિધ પ્રકારના કોશો – જ્ઞાનકોશ, શબ્દકોશ, ચરિત્રકોશ વગેરેની સંક્ષેપમાં છતાં સર્વગ્રાહી માહિતી આવરી લેવામાં આવી છે.

'જૈન વિશ્વકોશ' ઉપરાંત 'પ્રબુદ્ધજીવન', 'શ્રુતસાગર' વગેરે સામયિકો તથા જૈન ધર્મ-દર્શન વિશેના કેટલાક ગ્રંથોમાં ૩૦ જેટલા તેમના લેખોનાં પ્રકાશન તેમજ 'આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર'માં કાર્યકાળ દરમિયાન 'શ્રુતસાગર' માસિકનું પાંચ વર્ષ સુધી સંપાદન કર્યું હતું. આ બધા લેખો પેકી 'જૈન સ્તોત્ર સાહિત્યની પ્રભાવકતા', 'શ્રી મહાવીર પ્રભુના દશ મહાશ્રાવકો', 'જૈનગ્રંથોની જાળવણી અને તેનું

ભવિષ્ય'', 'મહાતીર્થ ઉજ્જયંતગિરિ', 'મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મ.સા.ની રચનામાં ગુરુમહિમા' વગેરે લેખો કનુભાઈના જૈનશાસ્ત્રોના ગહન અધ્યયનના પ્રતીતિકારક બની રહે છે. 'જૈન વિશ્વકોશ'માં પ્રકાશિત તેમનાં અધિકરણો અને જૈન ધર્મ-દર્શન સંબંધી લેખોને વર્ગીકૃત કરીને ગ્રંથસ્વરૂપે પ્રકાશિત કરવામાં આવે તો જૈન વિદ્યા વિશે એક સત્ત્વશીલ અને દળદાર ગ્રંથ સુલભ થાય. આશા રાખીએ કે કનુભાઈ આ દિશામાં પ્રવૃત્ત થાય.

**સમાપન**

સમગ્રતયા, શ્રી કનુભાઈ શાહ એક વ્યક્તિ, જૈન ધર્મના અનુયાયી અને ગ્રંથાલયી તરીકે મૂઠી ઊંચેરા માનવ તરીકે ઊભરી આવ્યા છે. તેમના જીવન-વ્યવહારમાં આ ત્રણેય પાસાંઓનો સમુચિત અને સમુદાય સમન્વય એ તેમની પોતીકી સિદ્ધિ છે. લાંબા સમય સુધી તેમના અંગત સચિવ અર્થાત્ તેમના વહીવટના સીધા સાક્ષી બની રહેલા શ્રી સેવંતીભાઈ પંચાલે તેમની કાર્યપદ્ધતિ સંદર્ભે પોતાનાં સંભારણાં વ્યક્ત કરતાં નોંધેલ શબ્દો : 'નાની-મોટી તકલીફો અને અડચણો તો અનેક આવી, પરંતુ તેને ધ્યાનમાં લીધા વિના, ગ્રંથાલયના સાથી-સેવકો પ્રત્યે સમજણશક્તિ અને સહનશીલતા દાખવી ગ્રંથાલયપ્રવૃત્તિનું સંચાલન કર્યું અને ગ્રંથાલયના વહીવટીચક્રમાં કદાપિ કિચૂડ-કિચૂડનો અવાજ ઉત્પન્ન થવા દીધા વિના, સ્નેહ અને સંવાદિતાનો સૂર ફેલાવી ગ્રંથાલયધર્મની સાર્થકતા સિદ્ધ કરી બતાવી' – ધ્યાનાર્હ બની રહે છે. વિદ્યાપીઠમાંથી તેમની નિવૃત્તિના સમયે તેમના વિદ્યાર્થીઓ, સહકાર્યકરો, સ્નેહીજનો વગેરેએ મળીને તેમનું જાહેરમાં અભિવાદન કરીને તેમને 'ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિમર્શ : શ્રી કનુભાઈ લ. શાહ અભિનંદનગ્રંથ' (૧૯૯૭) અર્પણ કર્યો હતો, તેમજ આ નિમિત્તે એકઠી થયેલી ધનરાશિમાંથી પ્રસ્તુત ગ્રંથનું ખર્ચ બાદ કરીને બાકીની રકમ શ્રી કનુભાઈને અર્પણ કરવામાં આવી હતી. તેમને આ રકમમાં પોતાના થકી કેટલીક રકમ ઉમેરીને 'શ્રી કનુભાઈ શાહ વિદ્યાનિધિ'ની પ્રસ્થાપના કરીને આ નિધિના ઉપક્રમે પ્રસંગોપાત્ત વ્યાખ્યાન, ગ્રંથાલયશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે ક્વિઝ, નિબંધ-લેખન સ્પર્ધા વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

અને છેલ્લે ખાસ નોંધવું રહ્યું છે આ લખનારે શ્રી કનુભાઈ શાહની મુલાકાત લીધી હતી ત્યારે તેમણે જણાવ્યું હતું કે, ''હું વિનમ્રભાવે જણાવું છું કે આ ગ્રંથાલયની સમૃદ્ધિના વિકાસમાં કમ્પ્યૂટરાઇઝેશન માટે આવશ્યક સુવિધા સાથે સહયોગ પૂરો પાડવા માટે અમારા પૂર્વ કુલનાયક (કુલપતિ) સ્વ. રામલાલભાઈ પરીખ સાહેબનો ઋણી છું. તેઓશ્રી આર્ષદષ્ટા શિક્ષણવિદ અને ગ્રંથાલયપ્રેમી હતા. આ ગ્રંથાલયને નમૂનેદાર બનાવવા માટે અમારી માગણીઓથી પણ વધુ સંસાધનો પૂરાં પાડીને તેમજ ગ્રંથાલયની પ્રસંગોપાત્ત મુલાકાતો લઈને અને ગ્રંથાલય વિશે સતત પૃચ્છા કરતા રહીને અમને ભારે મોટું પ્રોત્સાહન અને પીઠબળ પૂરું પાડ્યું હતું, તેથી આ ગ્રંથાલયમાં સર્વાંગીણ વિકાસનું શ્રેય તેમના શિરે રહે છે.'' આ દૃષ્ટિએ શ્રી કનુભાઈ અને ગ્રંથાલય પરિવાર ભાગ્યશાળી છે કે જેમને આવા મૂઠી ઊંચેરા શિક્ષણવિદ્ કુલનાયક (કુલપતિશ્રી) મળ્યા. અન્યથા કુલપતિશ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક સાહેબ વગેરે જેવા ક્વચિત્ અપવાદો બાદ કરતાં કુલપતિઓ ભાગ્યે જ ગ્રંથાલયની મુલાકાત કે અસાધારણ રસ લેતા જોવામાં-સાંભળવામાં આવ્યા છે. પરિણામસ્વરૂપે આપણી યુનિવર્સિટીઓનાં હૃદયસમાન ગ્રંથાલયો પ્રાયઃ ઉપેક્ષિત બની રહ્યાં છે. વિદ્યાપીઠ ગ્રંથાલયમાં કમ્પ્યૂટરાઇઝેશન માટે પોતાના સ્ટાફ ઉપરાંત જેમનો વિશેષ સહયોગ મળ્યો છે તેવા ટૅક્નૉલૉજીના જ્ઞાતા તરીકે રાષ્ટ્રીય સ્તરે ખ્યાત શ્રી સુરેશભાઈ ઠાકોર અને વિદ્યાપીઠના કમ્પ્યૂટર વિભાગના વડા ડૉ. કલ્પેશ પરીખ તરફથી મળેલ હૂંફાળા સહકારની પણ ઋણસ્વીકારના ભાવ સાથે નોંધ લેતાં ગર્વ અનુભવે છે. ભાવકોની નજરે

ग्रंथपाल के रुप में उन्होंने जो सेवा की है, वह प्रशंसनीय है ।

**– आचार्य पद्मसागरसूरि**

શ્રી કનુભાઈની ગ્રંથાલય-સેવા ખૂબ જાણીતી છે. આજે આવા નિષ્કપટ અને નિષ્ઠાવાળા સેવાભાવી કાર્યકર મળવા દુર્લભ છે. વિદ્યાપીઠના વિશાળ ગ્રંથાગારમાં મને તેમની આંગળીએ ફરવું ખૂબ ગમે. મારાં રસ-રુચિને જાણીને તેઓએ ઘણી ઉત્તમ સામગ્રી મને સુલભ કરી આપી હતી.

**– આચાર્ય પ્રદ્યુમ્નસૂરિજી**

શ્રી કનુભાઈ શાહે ગૂજરાત વિદ્યાપીઠના ઐતિહાસિક ગ્રંથાલયને વિકસતું રાખવા ઘણો પ્રયાસ કર્યો છે. ગ્રંથાલયને માહિતી-તકનિકી સાથે જોડવાનું પ્રયાણ કરવામાં તેમણે સારો ઉત્સાહ બતાવ્યો. પરિણામે સાડા ત્રણ લાખ જેટલાં પુસ્તકોની નોંધણી કમ્પ્યૂટરમાં થઈ શકી છે. તેવી જ રીતે ગ્રંથસૂચિઓના કાર્યને વિકસાવવામાં તેમણે સક્રિય રસ દાખવ્યો છે. ગ્રંથાલય વિજ્ઞાનનો પારંગત અને અનુપારંગત પાઠ્યક્રમ વિકસાવવાના કાર્યને પણ તેમણે સારો વેગ આપ્યો છે.

**– રામલાલ પરીખ-કુલપતિ, ગૂજરાત વિદ્યાપીઠ**

વાચકો-વિદ્વાનો સૌને તેઓ બને તેટલા અનુકૂળ અને સહાયભૂત થતા રહ્યા. પ્રશ્નો તો જાતજાતના આવે, અનેક આવે; પણ બધામાંથી રસ્તો કેમ કાઢવો એવી વાણિયાશાઈ ચતુરાઈ પણ એમની ખરી તેથી તો જાતભાતની પ્રકૃતિના માણસોને એ સાથે રાખી શક્યા. ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયે એમની રાહબરી હેઠળ જે સૂચિકાર્ય કર્યું છે તે કેવું ઉપયોગી પ્રભાવક છે તે એમની સૂચિઓની યાદીથી પ્રતીત થાય છે. ગુજરાતમાં ગ્રંથાલય-પ્રવૃત્તિને પ્રતિષ્ઠિત કરવામાં સર્વશ્રી મોતીભાઈ અમીન, કીકુભાઈ દેસાઈ, પ્રકાશ વેગડ વગેરેની હરોળમાં શ્રી કનુભાઈ શાહનું નામ-કામ છે.

**– ચંદ્રકાન્ત શેઠ**

શ્રી કનુભાઈ ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયના નિષ્ઠાવાન માળી બની રહ્યા. તેઓ સમયના કે ઘંટના ગુલામ બનીને ન જીવ્યા, પણ નિષ્ઠાના દાસ બન્યા, ફરજના દાસ બન્યા. આ નિષ્ઠા અને સૌજન્ય આવ્યું છે એમની ધર્મભાવનામાંથી.

**– પ્રો. ચંદ્રકાન્ત પટેલ**

કનુભાઈ એટલે સતત પ્રવૃત્તિ. કાંઈ ને કાંઈ નવું વિચારતા હોય. તેઓ કામ કરે અને તેમના સાથીઓ પાસે પ્રેમથી કામ કરાવે. ભારતનું પહેલું યુનિવર્સિટી ગ્રંથાલય (ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય) કે જેનું સંપૂર્ણ રીતે કમ્પ્યૂટીકરણ થયું છે તેનું શ્રેય કનુભાઈના ફાળે જાય છે.

**– પ્રવીણ શાહ**

પરહિત જીવનનો ધર્મ છે; કર્તવ્ય એ જીવનનો સંકલ્પ છે. આ મુદ્રાલેખ શ્રી કનુભાઈએ તેમની સંકલ્પશક્તિ ભાવના, મૈત્રીભર્યા સંબંધોથી ચરિતાર્થ કર્યો છે.

**– ડી. એન. શુકલ**

શ્રી કનુભાઈ શાહ વાચકપ્રિય ગ્રંથપાલ છે, ઉત્સાહી અને સક્રિય સેવક છે. તે મને જોઈતાં પુસ્તકો અચૂકમેળવી આપતા. કેટલીક વાર તો બીજાં કામ બાજુએ મૂકી જાતે પુસ્તક શોધીને લાવી આપે.

**– હીરાલાલ શાહ (પત્રકાર)**

ગ્રંથ અને ગ્રંથાલયને ગૌરવાન્વિત કરનાર સુજ્ઞથી કનુભાઈ શાહ વિદ્યાપીઠના વ્યવહારવિદ ગ્રંથપાલ તરીકે સર્વોચ્ચ સ્થાને છે. તેઓ પોતાની ગ્રંથાલયનિષ્ઠા દ્વારા પુસ્તકાલયક્ષેત્રે પ્રતિષ્ઠા પામ્યા છે.

**– ડૉ. શિવદાન ચારણ**

(સંપર્ક : શ્રી કનુભાઈ શાહ, એ/૬૦૩, મધુબન, સ્વાનિક આર્કેડ સામે, વરદાન ટાવર પાછળ,
કે. કે. નગર રોડ, નારણપુરા, અમદાવાદ – ૩૮૦૦૧૩. મો. ૯૭૨૫૮ ૯૩૩૫૫)

**– મણિભાઈ પ્રજાપતિ, મો. ૯૬૦૧૨૭૩૮૩૬**

એકવડિયા બાંધાના અમારા આ સધર્મી ગ્રંથાલયી કનુભાઈ શાહને રૂબરૂ મળીએ ત્યારે એમ ન લાગે કે આ મહાનુભાવે તેમના જીવનમાં ગ્રંથાલય જગત માટે ઘણું બધું કાર્ય કરેલ છે. પૂ.મહાત્મા ગાંધીજીના સ્વપ્નને સાકાર કરતાં જ્ઞાનતીર્થ એવા 'ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય'ની તથા ગ્રંથાલય ક્ષેત્રના પ્રચાર અને પ્રસાર માટે પોતાના જીવનના મહત્વના ઘણાં વર્ષો ખર્ચી નાખ્યા છે. તેમના આ મહત્વના પ્રદાનથી ગ્રંથાલય વિજ્ઞાનનો અભ્યાસ કરતાં ઘણાં બધાં વિદ્યાર્થીઓના જીવનમાં પ્રકાશ ફેલાવેલ છે. આવા સમર્પિત તજજ્ઞોના કારણેજ ઘણી બધી વ્યકિતઓનું જીવન સાર્થક બનેલ છે.

**– પંકજકુમાર બાવિશી(પ્રમુખ)**
**ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ**

---

## અંકલેશ્વરના આંગણે જે. એન. પિટીટ લાયબ્રેરીના યજમાન પદે ગ્રંથપાલ પ્રશિક્ષણ સેમિનાર યોજાયો

અંકલેશ્વર આંગણે અનેરો ઉત્સવ દક્ષિણ મધ્ય ગુજરાતના ગ્રંથપાલશ્રીઓ જેવા બૌદ્ધિકોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ૧૩૬ વર્ષ પૂર્વે સ્થપાયેલી જે. એન. પિટીટ લાયબ્રેરી આજે યજમાન પદે હતી. પ્રખર વક્તાઓએ જ્ઞાનનું આદાન પ્રદાન કર્યું હતું. માનદમંત્રી બેલડી ચેતનભાઈ શાહ અને દક્ષાબેનના સંનિષ્ઠ પ્રયાસો, રાજ્ય સરકારના ગ્રંથાલય નિયામક પંકજ ગોસ્વામી જેવા દૃષ્ટિ સંપન્ન અધિકારી અને ભૂપેન્દ્રભાઈ શાહ અને ડૉ. લતાબેન શાહ જેવા કર્મઠ સુકાનીઓ અને અમારા તમામ ટ્રસ્ટીગણની મહેનત આજે રંગ લાવી. જાણીતા સાહિત્યકાર ડૉ. મીનલ દવેનું માર્મિક પ્રવચન સમગ્ર કાર્યક્રમની શોભા અને હાર્દ સમુ બની રહ્યું. અન્ય વક્તાઓ નવસારીના જયપ્રકાશન જી. રીસર્ચ અસોસિએટ અમદાવાદના ભાવના ગજેરા, કિરનભાઈ પટેલ, દ્વારા શુભેચ્છા સાથે આર્થિક સહયોગ પણ મળ્યો. પ્રથમ સેશનમાં આભારવિધિ ડૉ. લતાબેન શ્રોફ દ્વારા અને અંતિમ સેશનમાં ચેતનભાઈ શાહ દ્વારા ઋણ સ્વીકાર થયું. આજના સેમિનારમાં પ્રોજેકટ ચેરમેન દક્ષાબેન દ્વારા લડી ડ્રોએ આકર્ષણ જમાવ્યું. ટ્રસ્ટી શેરી કાથાવાલાએ ઓ.એચ.પી. પર લાયેબ્રેરી અને તેની પ્રવૃત્તિઓની ઝાંખી રજૂ કરી હતી. ઉદ્‌ઘાટન સમારોહમાં સિદ્ધહસ્ત લેખિકા ડૉ. મીનલબેન દવેનું મંચસ્થ મહાનુંભાવો દ્વારા સન્માન કરવામાં આવ્યું. અંતમાં "હાસ્યેંન સમાયપર્યત્" શીર્ષક અંતર્ગત ટ્રસ્ટી ભદ્રેશ ઝેડ. પટેલ એટલે કે મારા દ્વારા ગમ્મત ગુલાલના સેશનમાં મન મુકીને હસાવ્યા. સમગ્ર કાર્યક્રમનું રસપ્રદ અને ભાવવાહી સંચાલન શ્રીમતી મોના શાહ અને પલ્લવી શુક્લ દ્વારા કરવામાં આવ્યું. આજની ઘડી રળિયામણી બની રહી.

## હું તો કાગળિયાં લખી લખી થાકીઃ પુસ્તકોની સુખી-દુઃખી દાસ્તાન

**ટાઈટલ્સઃ પુસ્તક-ખૂબ બોલનાર, મૌન મિત્ર છે. (છેલવાણી)**

પુસ્તક આમ જોઈએ તો સાવ સસ્તાં કે ખૂબ મોંઘાં લાગે કે પછી એ અણમોલ હોઈ શકે. દરેક પુસ્તક અને એની એક એક કોપી સાથે લેખકનો પડછાયો ભમતો હોય છે. એકવાર મશહૂર અંગ્રેજી લેખક બર્નાર્ડ શૉએ ફૂટપાથ પર રદ્દી પુસ્તકોનો ઢગલો જોયો, જ્યાં એમની નજર, પોતાનાં જ એક પુસ્તક પર પડી. પુસ્તકનાં પહેલા જ પાના પર એમના જ હસ્તાક્ષર સાથે નજીકના મિત્રને ભેટ આપતી નોંધ હતી અને સહીં હતી. બર્નાર્ડશોએ રદ્દીવાળાને પૂછ્યું, 'તેં પુસ્તક કેટલામાં ખરીદ્યું?'

'એક પાઉન્ડ,' પેલાએ કહ્યું, બર્નાર્ડ શોને થયું કે- 'મારા પરમ મિત્રને ભેટમાં આપેલું પુસ્તક એણે માત્ર એક પાઉન્ડમાં વેચી નાખ્યું ?' પછી શોએ એ પુસ્તક ખરીદી લીધું અને પહેલે પાને જૂની નોંધની નીચે લખ્યું, 'પ્રિય મિત્ર, ફરીથી તને ભેટ,' નીચે ફરી સહી કરી તારીખ લખીને મોકલાવ્યું !

પુસ્તકોની વાત નીકળી તો હમણાંનાં જ એક સર્વે મુજબ આપણા સમુદ્ધ ગુજરાતમાં ૨૨૯ સરકારી લાઈબ્રેરીઓ છે. જેમાં ૪.૨૧ લાખથી વધુ પુસ્તકો છે. પણ પુસ્તકોને વાંચનાર માત્ર પાંચ લાખ વાચક સભ્યો જ છે ! એની સામે ૨૦૨૩માં આયર્લેન્ડ જેવા ટચૂકડા દેશમાં ૧૫૯૮ કરોડ રૂપિયા જેટલાં પુસ્તકોનું અધધ વેચાણ થયું હતું.

આઈરિશ લોકો વાર્તાઓ સુણવાના રસિયા છે અને કિતાબનો  તો શરાબ જેવા નશો છે. કદાચ એટલે જ ત્યાંના લેખકો અવારનવાર નોબેલ-બુકર ઈનામો જીતે છે. બીજી બાજુ, બંગાળી-મલયાલી કે મરાઠી છોડીને ગુજરાતી, હિન્દી, કે તમામ ભારતીય ભાષાઓમાં પુસ્તકો લખવાં-વેચવાં એ તો ખરેખર દિગંબરોના ગામમાં લોન્ડ્રી ખોલવા જેવી વાત છે. એમાંય 'ચાર, પુસ્તકો મોંઘાં છે' થી માંડીને 'લ્યા, ગુજરાતીમાં સારાં પુસ્તકો લેખાય છે જ કયાં ?' જેવાં નિતનવા ક્રિએટિવ બહાનાઓ સાંભળવાં મળે છે. પુસ્તક-મેળાઓની ભીડ, તો સમૂહ-લગ્ન જેવી ભીડ છે. જેમાં ખરેખર પરણે છે ઓછાં ને એકબીજાને મળવા-જમવા વધારે આવે છે !

આયર્લેન્ડની સાહિત્યિક સફળતા પાછળ સરકારી આર્ટ્સ કાઉન્સિલ છે, જે સાહિત્ય માટે વાર્ષિક આશરે ૧૩૦૦ કરોડ રૂપિયા ફાળવે છે. લેખકોને સરકાર તરફથી કરોડોના પુરસ્કારો આપવામાં આવે છે. લેખકોની ૪૭ લાખ રૂપિયા સુધીની આવક ઈન્કમ ટેક્સ-ફ્રી છે. ઉપરથી લેખકોને દર અઠવાડિયે ૩૦ હજાર રૂપિયા. આપવાનો પ્રોજેક્ટ પણ છે. જાહેર લાઈબ્રેરીમાં કિતાબો ચોરનાર પ્રજા માટે આ પરીકથા નથી લાગતી ?

આયર્લેન્ડની એક ફ્રીલાન્સ લેખિકા કેટ મેકક્સર કહે છે. કે આયર્લેન્ડના લોકો હવામાન જેવા ફાલતૂ વિષય પર પણ એક કલાક વાત કરી શકે છે. એટલે જ આયર્લેન્ડ મેગેઝિન પ્રકાશકો, પુસ્તકોની દુકાનો અને લાઈબ્રેરીઓના ઝડપથી વિક્સતા ભીડભાડવાળા નેટવર્કનું હબ બની ગયું છે અને આપણે ત્યાં ? જાને ભી દો યારોં, 'બાત નિકલેગી તો દૂર તલક' નહીં પરંતુ 'પાસ તલક જાયેલી' એટલે કે આપણા જ લોકોની નીકળશે!

ચાલો એ છોડો, એક સારા સમાચાર, થોડા સમય પહેલાં કુમાઉના પહાડી વિસ્તરારમાં બાળકોમાં ઘટતી જતી વાંચનની ટેવ વધારવા 'ઘોડા લાઈબ્રેરી' શરૂ કરી મૂકી!

શુભમનું કહેવું છે કે પહાડી ગામડાંઓમાં રોડ અને નેટવર્ક કનેક્ટિવિટી એમ બંનેની માટી સમસ્યા છે એની સામે મોટાં શહેરોમાં બાળકો ઓનલાઈન પુસ્તકો આરામથી વાંચી શકે છે. આ 'આ ઘોડા લાઈબ્રેરી'માં

બાળકોને એક અઠવાડિયા સુખી પુસ્તકો રાખવા દેવામાં આવે છે અને મજાની વાત તો એ છે, પહાડી બાળકો આ 'ઘોડા લાઈબ્રેરી'ને બહુ પસંદ કરી રહ્યા છે. આપણે ત્યાં આવો 'ઘોડા લાઈબ્રેરી'નો આઈડિયા કોઈને કહીએ તો આપણને ગધેડા ગણવામાં આવે !

**ઈન્ટરવલ:**

**કિસ તરહ જમા કીજિયે અબ અપને આપ કો?**

**કાગઝ બિખર રહેં હૈં પુરાની કિતાબ કે. (આદિલ મન્સુરી)**

પ્રખ્યાત બંગાળી નવલકથાકારની દીકરી માટે જમીનદારના ઘરનું માગું આવ્યું. લેખક, એની પત્ની સાથે જમીનદારને ત્યાં ગયાં. સ્ટેશન પર આલીશાન ગાડી લેવા આની જેની આગળ પાછળ ચાર ઘોડેસવાર! જમીનદારની હવેલીમાં એમ સંકેડો વિઘા જમીન, નોકરો હાથી, ઘોડા અને દુનિયાની તમામ સગવડો હતી. લેખકની ખૂબ આગતા-સ્વાગતા થઈ ને પાછા જતી વખતે જમીનદારે લેખક-દંપતીને કિંમતી ભેટ-સોગાતોથી લાદી જ નાખ્યાં.

રસ્તામાં લેખકની પત્નીએ કહ્યું, 'દીકરીનાં તો નસીબ ઊઘડી ગયાં. રાજ કરશે હવેલીમાં.'

લેખકે નિસાસાથી કહ્યું, 'એ હવેલીમાં અછત નથી પણ અમિતા પણ નથી! મને ત્યાં એકેય પુસ્તક દેખાયું નહીં. આપણી દિકરી. જીવનભર હજારો પુસ્તકોથી ઘેરાઈને ઉછરી છે. પુસ્તકો વિનાની એટલે કે હૈયા વિનાની હવેલીમાં, પાગલ થઈ જશે.'

'પુસ્તકો વિનાનું ઘર'નામની બલાઈચંદ મુખોપાધ્યાયની બંગાળી વાર્તા. ઘણુંબધું કહી જાય છે, તમે માનશો, પુસ્તકપ્રેમી બંગાળીઓ દીકરીને લગ્નમાં ઘરેણાં-કપડાંની સાથે મહાન લેખકોનાં પુસ્તકો ભેટમાં આપે છે. દર વરસે યોજાતા પુસ્તકમેળામાં બંગાળીઓ સવાર-સાંજ સર્પાકારે લાઈનો લગાવે છે. ૨૦૨૩માં કોલકતાના પુસ્તકમેળામાં ૨૫ કરોડ રૂપિયાના અધધ પુસ્તકો ૧૦ દિવસમાં વેચાયેલાં.

અહીં આપણે ગુજરાતીઓ તો કિતાબો ના ખરીદવાનાં સેંકડો બહાનાંઓ આપીએ છીએ, આપણે સાડા સાત કરોડથી વધુ ગુજરાતીઓ, એક પુસ્તકની ૨૦૦૦ જેટલી કોપી પણ ખરીદી શકતા નથી ત્યારે શેની ગુજરાતી અસ્મિતાની વાતો કરવાની, હેં ? જલસા કરોને જોકજોકીનાં નાટકો-ફિલ્મો માણો, ગુજરાતી થાળી જમો ને ટેસથી સન્ડે મનાવોને, યાર...

**એન્ડ ટાઈટલ્સ:**

**આદમ:મારે તને વાંચવી છે.**

**ઈવ: હું તો કોરી કિતાબ છું.**

## ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ત્રિદિવસીય સેમિનાર અંગે

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ દ્વારા દર વર્ષે ત્રિદિવસીય ગ્રંથાલય સેમિનાર યોજાવામાં આવે છે. ગત સેમિનાર સમયે આગામી સેમિનાર પાલિતાણા ખાતે યોજાવાની જાહેરાત કરવામાં આવેલ હતી. પાલિતાણા ખાતે ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના હોદ્દેદારશ્રીઓએ રૂબરૂ જઈ સ્થળની ચકાસણી કરેલ હતી. પરંતુ ત્યાંના સ્થાનિક કારણોસર જે તે સ્થળ નક્કી થઈ શક્યુ નથી. આથી સેમિનારના સ્થળ અંગે અન્ય શક્યતાઓની ચકાસણી થઈ રહી છે. નક્કિ થયે આપ સર્વેને તેની જાણ કરવામાં આવશે. પરંતુ લેખ લખતા સર્વે ગ્રંથપાલશ્રીઓને સમય મળી રહે તે માટે આ અંકના આગળના ભાગે લેખ લખવા માટેના વિષયોની સૂચિ મુકવામાં આવેલી છે. માટે અત્યારથીજ જે તે વિષયો પર અભ્યાસ કરી લેખ તૈયાર કરવા લાગશો અને સુચના મળે એટલે તુરંતજ સંસ્થાને મોકલી આપશો તેવી અપીલ કરવામાં આવે છે.